પ્રાતઃ પ્રાર્થના

અને

સંધ્યાપાઠ

: સંગ્રાહક :

મહંતશ્રી કરશનદાસજી ગુરૂશ્રી શાંતિરામજી

શિષ્યરત્ન સાધુ મોહનદાસ ગુરૂશ્રી કરશનદાસજી

ઈશ્વર આશ્રમ, ઈશ્વરનગર, વાંઢાય,

પો. દેશલપર, તા. ભુજ-કચ્છ. પીન : ૩૭૦૦૪૦

☎: (૦૨૮૩૨) ૭૬૨૩૦

પ્રાત: પ્રાર્થના

અને

સંધ્યાપાઠ

: સંગ્રાહક :

મહંતશ્રી કરશનદાસજી ગુરૂશ્રી શાંતિરામજી
શિષ્યરત્ન સાધુ મોહનદાસ ગુરૂશ્રી કરશનદાસજી
ઈશ્વર આશ્રમ, ઈશ્વરનગર, વાંઢાય,
પો. દેશલપર, તા. ભુજ-કચ્છ. પીન : ૩૭૦૦૪૦
☎ : (૦૨૮૩૨) ૭૬૨૩૦

શ્રી ગુરૂ સતનામ

મા-બાપને કદી ભૂલશો નહિ

ભૂલો ભલે બીજું બધુ, મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ.
પત્થર પૂજયા પૃથ્વી તણાં, ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનીત જનના કાળજા, પત્થર બની છુંદશો નહિ.
કાઢી મુખેથી કોળીયા, મ્હોમાં દઈ મોટા કર્યા,
અમૃત તણાં દેનાર સામે, ઝેર ઉગળશો નહિ.
લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પુરા કર્યા,
એ કોડના પુરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ.
લાખો કમાતા હો ભલે, મા-બાપ જેથી ના ઠર્યા,
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ.
સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ.
ભીને સૂઈ પોતે અને, સુકે સુવડાવ્યા આપને,
એ અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ.
પુષ્પો બીછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ.
ધન ખરચતાં મળશે બધું, માતા-પિતા મળશે નહિ,
પલ પલ પુનીત એ ચરણની, ચાહના ભૂલશો નહિ.

જય શ્રી ઉમિયા મા



યા દેવી સર્વ ભૂતેષુ, ઉમિયા રૂપેણ સંસ્થિતઃ ।

નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥



સંતશ્રી ઈશ્વરરામજી ગુરૂશ્રી ક્ષેમસાગરજી




પૂ. સંતશ્રી લાલરામજી ગુરૂશ્રી ઈશ્વરરામજી



પૂ. સંતશ્રી ઓધવરામજી ગુરૂશ્રી લાલરામજી



પૂ. સંતશ્રી દયારામજી ગુરૂશ્રી ઓધવરામજી



પૂ. સંતશ્રી શાંતિરામજી ગુરૂશ્રી દયારામજી



પૂ. મહંતશ્રી કરશનદાસજી ગુરૂશ્રી શાંતિરામજી



ઉમિયા મંદિર - વાંઢાય

સંવત ૧૯૮૭ના કારતક સુદ – ૧ ના રોજ બ્રહ્મનિષ્ઠ મહારાજશ્રી ઓધવરામજીએ તેમને વિધિરસની દિક્ષા આપી દયાળદાસજી એવું નામાભિધાન આપ્યું મહારાજશ્રી ગુરૂ કૃપાએ વંદનિય સાધુવર્ય બન્યા.

સાધુ પદે શ્રી દયાળદાસજી આવ્યા બાદ પૂજ્ય મહારાજશ્રીએ તેમને પાટીદાર સમાજને ઉપદેશ આપી પીરાણા પંથથી છોડાવી શુદ્ધ સનાતન ધર્મ તરફ લાગણી પ્રગટે એવા પ્રચાર કરવા આજ્ઞા આપી.

એ ગુરૂ વચન માન્ય કરી તેઓશ્રી કચ્છ તેમજ ગુજરાતના પાટીદાર સમાજમાં પ્રચાર કાર્ય કરવા ઉપડયા. સંવત ૧૯૯૯માં ગુજરાતમાં આવેલા ગામ મોતીસરીવાળા પટેલ હરીભાઈ કરમશીને પોતાના વિચારો જણાવ્યા કે, કચ્છ

પ્રાંતમાં પાટીદાર ભાઈઓની કુળદેવીશ્રી શૈલપૂત્રી (ઉમિયા)નું મંદિર બંધાર અને દર વર્ષે એક વખત શ્રી જગદંબાનો ઉત્સવ થાય તો તે નિમિત્તે ધર્મનું પ્રચાર કાર્ય બહુ સરળ બને. આવી રીતે શ્રી હરીભાઈ અને મહંતશ્રી દયાળદાસજી મહારાજની વિચારણા નકકી થઈ.

શ્રી હરીભાઈએ સહુ પ્રથમ રૂપિયા એક હજાર મંદિરના ફાળામાં નોંધાવ્યા. આ રકમ લઈ સંવત ૨૦૦૦ ના મહા સુદ પાંચમ (વસંત પંચમી) ના ઈશ્વર આશ્રમ વાંઢાય આવી પ્ર. મહારાજશ્રી ઓધવરામજી તથા પટેલ રતનશી ખીમજી, પટેલ પરબતભાઈ લખમશી, પટેલ જીવરાજ વસ્તા, મુખી કાનજીભાઈ ગોપાલ તથા કરસન ઉકરડા વગેરે આગેવાનોને બોલાવી મહારાજ શ્રી ઓધવરામજીના વરદ હસ્તે ખાતમુહૂર્ત કરાવ્યું. ત્યારબાદ ગઢશીશાવાળા પટેલ રામજી લાલજી, વાલજી રામજી પટેલ, પટેલ ભીમજી કાનજી લુડવાવાળાની દેખરેખ અને ભાવનાથી શ્રી માતાજીના મંદિરનું કામ પરિપૂર્ણ થયું.

સંવત ૨૦૦૦ ના ચૈત્ર સુદ ૯ ના રોજ જગત જનની ઉમિયાજીની પ્રતિમાની વાંઢાય ગામમાં આવેલા જુના દ્વારામાં કે જ્યાં મહારાજશ્રી ઈશ્વરરામજી પોતાનું નિવાસ સ્થાન રાખી ભજન કરતા હતા એ આશ્રમમાં નૂતન મંદિર બંધાવી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી.

આ પ્રસંગ પૂર્ણ થયા પછી જૂના દ્વારામાં મુંબઈ નાગપુર વગેરે સ્થાનોમાં વસતા ભાવિકો તરફથી બીજા પણ કેટલાક મકાનો બંધાઈ ગયા અને મહંતશ્રી દયાળદાસજી મહારાજે પોતાનો નિવાસ પણ ત્યાંજ રાખ્યો. તેમના પટ્ટ શિષ્યશ્રી શાત્રતિદાસજી પણ અન્ય સાધુઓ સાથે રહેતા હતા.

મહારાજશ્રી ઓધવરામજીએ ઈશ્વર આશ્રમનો સંપૂર્ણ વહીવટ મહારાજશ્રી દાયળદાસજીને સોંપ્યો એટલે પોતાને નૂતન આશ્રમમાં રહેવાની ફરજ પડી. શ્રી ઓધવરાજી મહારાજ મહાનિર્વાણ પામ્યા બાદ તેમને બાવાશ્રી વિહારી સાહેબની ગાદીના મહંત તરીકે અપનાવવામાં આવ્યા. મહંતશ્રી દયાળદાસજી મહારાજ પોતાના શિષ્ય તથા સંતશ્રી કરસનદાસજી મહારાજ વગેરે પરમ કૃપાળુ ગુરૂદેવની

કૃપાદ્રષ્ટિ સાથે આશ્રમનો વહીવટ પણ ચલાવતા ગામનો જુનો આશ્રમ તેમજ શ્રી માતાજીના હંદિરની વ્યવસ્થા તથા કબજો પણ સંભાળતા હતા.

સંવત ૨૦૨૧ ના વૈશાખ સુદ – ૩ ગુરૂવારના રોજ શ્રી ઉમિયા માતાજીના મંદિરની વ્યવસ્થા કરવા માટે કચ્છ તથા બહાર વસતા પાટીદાર ભાઈઓને મહંતશ્રી શાંતિદાસજી ગુરૂશ્રી દયાળદાસજીએ પોતાની હયાતીમાં વહીવટ ચલાવવા માટે સમિતિ નીમી. જેનાં નામ નીચે મુજબ દર્શાવેલ છે. પટેલ ડાહ્યાભાઈ હરિલાલ– મોતીસર(ગુજરાત), પટેલ પરબત લખુભાઈ–મથલ, પટેલ ભીમજી નાગજી – મથલ, પટેલ કરસન ઉકરડા – દેશલપર, પટેલ કાનજી ગોપાલ–દેશલપર તથા લુડવાના પટેલ રવજી વેલાણી.

આ પ્રમાણે મહારાજશ્રી શાંતિદાસજીએ આ ભાઈઓને વહીવટી કાર્ય કરવા આજ્ઞા કરી અને પોતે પોતાનું શેષ જીવન ભજનાનંદમાં વિતિત કરવા લાગ્યા.

****

હરિદ્વાર આશ્રમ

સંત બડે પરમાર્થ, શીતલ ઉનકે સંગ ।
તૃષા બુઝાવત ઓરકી, દે દેવે અપના રંગ ॥

એ ઉકિત અનુસાર પરમ પૂજ્ય શ્રી ઓધવરામ મહારાજને એક એવો વિચાર થયો કે હરિદ્વાર–ઋષિકેશ બદ્રિકેદાર વગેરે તિર્થો કરવા જતા યાત્રીઓ માટે કંઈક સુવિધા કરવી જોઈએ, એ વિચાર એમના મનમાં ઘોળાયા જ કરતો હતો. ત્યાં હીરાપુર કંપા મુકામે પાટીદાર ભાઈઓનું મોટું અધિવેશન હતું ત્યાં ઉદ્ઘાટન માટે પૂ. ઓધવરામજી મહારાજને બોલાવ્યા, પૂ. મહારાજશ્રી તે કાર્ય પૂર્ણ કરીને હરિદ્વાર પધાર્યા. અને ત્યાં ભજન કરવા માટે થોડી સુવિધા રહે એટલે સપ્ત સરોવર ઉપર ગુરૂ મહારાજશ્રી લાલરામજીના નામથી રૂપિયા ૭૦ થી ૮૦ હજારના ખર્ચથી શ્રી કચ્છ લાલ રામેશ્વર આશ્રમ સ્થાપ્યો જેથી કચ્છના યાત્રિકોને હરિદ્વાર અને બદ્રિકેદારની યાત્રાએ જતાં આવતાં ઉતરવાની સંપૂર્ણ સગવડ કરી આત્મ સંતોષ અનુભવ્યો.

હરિદ્વારમાં બાંધેલ કચ્છી લાલરામેશ્વર આશ્રમ પણ ગુજરાત અને કચ્છના પાટીદાર ભાઈઓને બોલાવી તેમની

વ્યવસ્થાપક સમિતિ નીમી અને તે આશ્રમ સુપ્રત કર્યો. એ સમિતિના ભાઈઓના નામ નીચે મુજબ છે. પટેલ ડાહ્યાભાઈ હરિભાઈ, પટેલ વેલજી ભાણજી, પટેલ મુળજી જીવરાજ, પટેલ વાલજી કાનજી તથા પટેલ દેવશી રામજી (ગુજરાતવાળા).

આશ્રમનો વહીવટ સોંપી અને મહારાજશ્રી વાંઢાય મુકામે પધારી શ્રી ગુરૂદેવની સમાધિના સાનિધ્યમાં ભજનાનંદમાં જીવન વીતાવવા લાગ્યા.



ૐ શ્રી ગુરૂઃ અષ્ટકમ્

શરીરં સુરૂપં તથા વા કલત્રં,
યશશ્ચારૂ ચિત્રં ધનં મેરૂ તુલ્યમ્

ગુરોરંઘ્રિ પદ્મે મનશ્ચેન લગ્નં,
તતઃકિમ્ તતઃકિમ્ તતઃકિમ્ તતઃકિમ્ –૧

કલત્રં ધનં પુત્ર પૌત્રાદિ સર્વં,
ગુહં બાંધવાઃ સર્વમેતદ્ધિ જાતમ્ – ગુરોરંઘ્રિ–૨

ષંડગાદિ વેદો મુખે શાસ્ત્ર વિદ્યા,
કવિત્વાદિ ગદ્યં સુપદ્યં કરોતિ – ગુરોરંઘ્રિ –૩

વિદેશેષુ માન્ય સ્વદેશેષુ ધન્ય,
સદાચાર વૃત્તેષુ મતો ન ચાન્ય – ગુરોરંઘ્રિ –૪

ક્ષમા મંડલે ભૂપ ભૂપાલ દૃન્દૈઃ,
સદા સેવિતંયસ્ય પાદાર વિન્દમ્ – ગુરોરંઘ્રિ –૫

યશો મેગતં દિક્ષુ દાનં પ્રતાપા,
જગદ્‌વસ્તુ સર્વં કરે યત્‌ પ્રસાદાત્‌ – ગુરોરંધ્રિ –૬

ન ભોગે ન યોગે વા વાજિરાજૌ,
ન કાંતા મુખે નૈવ વિત્તૈષુ ચિતમ્‌ – ગુરોરંધ્રિ –૭

અરણ્યે ન વા સ્વસ્ય ગેહેન કાર્યે,
ન દેહે મનો વર્તતે મે ત્વનર્ઘ્યે – ગુરોરંધ્રિ –૮

અનર્ઘ્યાણિ રત્નાની ભુકતાની સમ્યક્‌,
સમાલિંગિતા કામીની યામિનીષુ – ગુરોરંધ્રિ –૯

ગુરોષ્ટકં યઃ પઠેત્પુણ્ય દેહી,
યતિ ર્ભૂપતિ બ્રહ્મચારી ચ ગેહી,

લભેદ્વાંછિતાર્થં પદં બ્રહ્મસજ્ઞં,
ગુરોરૂકત વાકયે મનોયસ્ય લગ્નમ્‌–ગુરોરંધ્રિ–૧૦



જગદંબામાની આરતી

જય આદ્યા શકિત, મા જય આદ્યા શકિત,
અખંડ બ્રહ્માંડ દિપાવ્યા(૨) પડવે પંડિત મા...જયો જયો મા

દ્વિતીયા બેય સ્વરૂપ, શિવ શકિત જાણું મા(૨),
બ્રહ્મા ગણપતિ ગાએ (૨) હર ગાયે હર મા...જયો જયો મા

તૃતીયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠા મા (૨)
દયા થકી તરવેણી (૨) તું તરવેણી મા.... જયો જયો મા

ચોથે ચતુરા મહાલક્ષ્મીમા સચરાચર વ્યાપ્યા ...મા (૨)
ચાર ભુજા ચૌદિશા (૨) પ્રગટયાં દક્ષિણમાં ...જયો જયો મા

પંચમી પંચ ઋષી, પંચમી ગુણપદમા મા (૨)
પંચ સહસ્ત્ર ત્યાં સોહિયે (૨) પંચે તત્વોમાં....જયો જયો મા

ષષ્ટી તું નારાયણી મહિષાસુર માર્યો મા (૨)
નરનારીના રૂપે (૨) વ્યાપ્યા સઘળે મા ....જયો જયો મા

સપ્તમી સપ્ત પાતાળ, સાવિત્રી સંધ્યા .....મા (૨),
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા ....જયો જયો મા

અષ્ટમી અષ્ટ ભુજા, આઈ આનંદા .....માં (૨)
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી ગીતા મા ....જયો જયો મા

નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા મા (૨)
નવરાત્રીના પુજન (૨) શિવરાત્રીના અર્ચન
કીધા હરબ્રહ્મા....જયો જયો મા

દશમે દશ અવતાર, જય વિજયાદશમી મા (૨)
રામે રામ રમાડયા (૨) રાવણ રોળ્યો મા ...જયો જયો મા

એકાદશી અગીયારસ, કાત્યાયનિકામા મા (૨)
કામ દુર્ગા કાલીકા શ્યામાને રામા મા....જયો જયો મા

બારસે બાળા રૂપ, બહુચરી અંબામા (૨)
બટુક ભૈરવ સોહિયે (૨) કાળ ભૈરવ સોહિયે
તારા છે તુજ માત ....જયો જયો મા

તેરસે તુળજા રૂપ, તમે તારૂણી માતા ...મા (૨)
બ્રહ્મા વિષ્ણું સદાશીવ (૨)ગુણ તારા ગાતા....જયો જયો મા

ચૌદશે ચૌદા રૂપ, ચંડી ચામુંડા ...મા (૨)
ભાવ ભકિત કંઈ આપો, ચતુરાઈ કંઈ આપો,
સિંહ વાહિની માતા ....જયો જયો મા

પુનમે કુંભ ભર્યો, સાંભળજો કરૂણા (૨)
વશિષ્ટ દેવે વખાણ્યા માર્કન્ડ દેવે વખાણ્યા
ગાઈ શુભ કવિતા....જયો જયો મા

સંવત સોળ સતાવન, સોળસે બાવીસ મા (૨)
સંવત સોળે પ્રગટયાં (૨) રેવાને તીરે,
હર ગંગાને તીરે ....જયો જયો મા

ત્રંબાવટી નગરી મા રૂપાવટી નગરી મા મંછાવટી નગરી,
સોળ સહસ્ત્ર ત્યાં સોહીયે (૨) ક્ષમા કરો ગૌરી,
મા દયા કરો ગૌરી ....જયો જયો મા

શીવશકિતની આરતી જે કોઈ ગાશે, મા જે ભાવે ગાશે,
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ સંપતિ થાશે
હર કૈલાશે જાશે, મા અંબા દુઃખ હરશે મા ....જયો જયો મા

એકમે એક સ્વરૂપ અંતર નવ ધરશો મા (૨)
ભોળા ભવાની માને ભજતા(૨) ભવ સાગર તરશો....
......જયો જયો મા

માનો મંડપ લાલ ગુલાલ શોભા બહુ સારી મા..(૨)
અબીલ ઉડે આનંદે ગુલાલ ઉડે આનંદે જય બહુચર માડી...
....જયો જયો મા
માની ચુંદડી લાલ ગુલાલ શોભા બહુ સારી મા (૨)
આંગણ કુકડ નાચે જય બહુચર માડી........જયો જયો મા

ભાવ ન જાણું ભકિત ન જાણું નવ જાણું સેવા મા (૨)
દાસ વલ્લભને રાખ્યા આપ ચરણ સેવા ......જયો જયો મા



આરતી

ૐ જય જગદીશ હરે
પ્રભુ જય જગદીશ હરે
ભકતજનો કે સંકટ ક્ષણમેં દુર કરે...... .....ૐ જય

જો ધ્યાવે ફલ પાવે દુઃખ વિનસે મનકા,
સુખ સંપતિ ઘર આવે કષ્ટ મિટે તનકા.. .....ૐ જય

માત–પિતા તુમ મેરે શરણ ગ્રહું મે કિસકી,
તુમ બિન ઔર ન દુજા આશ કરૂં જીસકી... .....ૐ જય

તુમ પુરણ પરમાત્મા તુમ અંતર્યામી,
પાર બ્રહ્મ પરમેશ્વર તુમ સબકે સ્વામી... .....ૐ જય

તુમ કરૂણા કે સાગર તુમ પાલન કર્તા,
મૈ સેવક તુમ સ્વામી કૃપા કરો ભર્તા... .....ૐ જય

તુમ હો એક અગોચર સબ કે પ્રાણ પતિ,
કિસ બિધ મિલું દયામય તુમકો મૈ કુમતિ.... .....ૐ જય

દીનબંધુ દુઃખ હર્તા તુમ ઠાકુર મેરે,
અપને હાથ ઉઠાઓ દ્વાર પડા તેરે.... .....ૐ જય

વિષય વિકાર મિટાવો પાપ હરો દેવા,
શ્રધ્ધ ભકિત બઢાવો સંતન કી સેવા... .....ૐ જય

શ્રદ્ધા સાચી હોય તો, કરે કબૂલ કિરતાર,
પ્રેમ વગરની પ્રાર્થના, પહોંચે શું પ્રભુદ્વાર.

પ્રભુ હોય જો પાધરો, શત્રુથી શું થાય,
પથરા ફેંકે પાપી પણ, ફુલ થઈ ફેલાય.

શ્રી ગીતાજીની આરતી

ૐ જય ભગવદ્ ગીતે, દેવી જય ભગવદ્ ગીતે,
હરિહિય કમલ વિહારીણી સુંદર સુપુનીતે – ૐ જય....ટેક
કર્મ – સુમર્મ – પ્રકાશીની, કામશકિત હરા,
તત્વજ્ઞાન વિકાસીની, વિદ્યા બ્રહ્મપરા – ૐ જય ...૧
નિશ્ચલ ભકિત વિધાયિતી, નિર્મલ મલહારી,
શરણ રહસ્ય પ્રદાયિની, સબ વિધિ સુખકારી– ૐ જય ...૨
રાગદ્વેષ વિદારીણી, કારીણી મોદ સદા,
ભવભય–હારિણી, તારિણી, પરમાનંદ પ્રદા– ૐ જય ...૩
આસુર ભાવ વિનાશીની, નાશીની તમ રજની,
દેવી સદ્‌ગુણ દાયિની, હરિ રસીકા સજની – ૐ જય ...૪
સમતા ત્યાગ શિખાવની, હરિ મુખ કી બાની,
સકલ શાસ્ત્ર કી સ્વામિની, શ્રુતિયોં કી રાની – ૐ જય ...૫
દયા સુધા બરસાવની, મા તું કૃપા કિજૈ,
હરિ પદ પ્રેમ દાન કર અપનો કર લિજૈ – ૐ જય ...૬

શ્રી ઓધવરામ સ્તુતિ

શ્રી ગુરૂદેવ ઓધવરામ તમને વારંવાર પ્રણામ,
તમને વારંવાર પ્રણામ, પ્રભુ છો અંતરના આરામ.
..શ્રી ગુરૂ દેવ–ટેક

પાવન નામ પવિત્ર તમારૂં, ઉર અજ્ઞાન તિમિર હરનારૂં,
એક જ ઠરવાનું છે ઠામ, તમને વારંવાર પ્રણામ ...૧

સદ્‌ગુરૂ અદ્‌ભૂત શકિત તમારી, નિજ મહિમા કેરી બલીહારી,
કીધાં પરોપકારી કામ, તમને વારંવાર પ્રણામ ...૨

ઘટ ઘટ જ્યોત તમારી ઝલકે, તેજ તમારૂં સઘળે છલકે,
ગુરૂ છો સ્વયં જ્યોતિ સુખધામ, તમને વારંવાર પ્રણામ...૩

અનીતિ અધર્મની જડ શુદ્ધ સ્વધર્મ સનાતન સ્થાપી
કર્યું જીવોનું કલ્યાણ, તમને વારંવાર પ્રણામ ૪


દાસ દયાળ કહે કર જોડી ભવ ભય બંધન નાખો તોડી,
હૃદયમાં વસજો આઠો જામ, તમને વારંવાર પ્રણામ ૫

છે એક 'અચલ' ની અરજી, શ્રી ગુરૂ પછી તમારી મરજી,
આપો દર્શન પૂરન કામ, તમને વારંવાર પ્રણામ ...૬

પ્રભાતની પ્રાર્થના

વિનંતી માહરી આજ પ્રભાતની,
નાથ અંતર મહીં આપ ધરજો.
આજની જિંદગી રાત સૂતા લાગી,
ચિત્તડે ચરણની પ્રીત ભરજો.....૧
રહેવું સંસારમા મનુષ્ય અવતારમાં,
જલ અને કમલની જેમ રાખો,
પાળું મુજ ધર્મને કરૂં સૌ કર્મને,
ફળ તણી આશથી દૂર રાખો.....૨

સુખી રહું સુખમાં રહું દુઃખમાં,
સુખ ને દઃખના ભેદ ટાળો,
પાંખમાં રાખીને દુઃખડા કાપીને,
જાણ અજાણના પાપ બાળો.....૩
ન્હાઉં સત્સંગમાં રાચુ એ રંગમાં,
અંગમાં ભકિતના પૂર ભરજો,
ઈચ્છું કલ્યાણ હું મિત્ર દુશ્મન તણું,
જગતનું નાથ કલ્યાણ કરજો.....૪
આંખ છે આંધળી, તુજસું ના ઢળી,
તે છતાં હે હરિ લક્ષ્ય લેજો,
દોડતા આવીને 'પુનીત' સંભાળીને,
અંતમાં દર્શને બાપ રહેજો.....૫



શ્રી ગંગાજીની આરતી

ૐ જય ગંગે માતા, દેવી જય ગંગે માતા,
જો નર તુમકો ધ્યાતા, મનવાંછિત ફલ પાતા..ૐ જય..ટેક

ચંદ્રસિ જ્યોત તુમ્હારી, જલ નિર્મલ આતા,(૨)
શરણ પડે જો તેરી, સો નર તર જાતા. ...ૐ જય..૧

પુત્ર સગર કે તારે, સબ જગકો જ્ઞાતા (૨)
કૃપા દ્રષ્ટિ તુમ્હારી, ત્રિભુવન સુખ દાતા....ૐ જય..૨

એક હી બાર જો તેરી શરણાગતી આતા (૨)
યમકી ત્રાસ મિટાકર, પરમ ગતિ પાતા. ...ૐ જય..૩

આરતી માત તુમ્હારી જો જન નિત ગાતા(૨)
'અર્જુન' વહી સહજમેં, મુકિતકો પાતા. ...ૐ જય..૪

❄❄❄❄❄❄❄❄

બોલો ગંગા મૈયાકી જય
ઉમિયા માત કી જય
હિંગલાજ માત કી જય
લક્ષ્મીનારાયણ ભગવાન કી જય
સનાતન ધર્મ કી જય
સીતા રામચંદ્ર ભગવાન કી જય
બાલ કૃષ્ણ લાલ કી જય
યોગેશ્વર ભગવાન કી જય
દરિયાલાલ કી જય
સદ્‌ગુરૂ દેવ કી જય
ૐ ગગા મૈયા કી જય
ૐ નમો પાર્વતી પતે હર હર મહાદેવ
ગુરૂ ગોંસાઈ કી જય
બાવા દેવા સાહેબ કી જય
બાવા વિહારી સાહેબ કી જય
બાવા ક્ષેમસાગર કી જય

મહારાજ શ્રી ઈશ્વરરામજી કી જય
મહારાજ શ્રી લાલરામજી કી જય
મહારાજ શ્રી ઓધવરામજી કી જય
મહારાજ શ્રી દયારામજી કી જય
મહારાજ શ્રી શાંતિરામજી કી જય
સાધ્વી મૈયા કી જય
ચાગબાઈ માતા કી જય
ગંગામૈયા કી જય
જમુના મૈયા કી જય
કેદારનાથ કી જય
બદ્રી વિશાલ કી જય
અપને અપને ગુરૂ ગોંસાઈ કી જય

મંગલા શૃંગાર આરતી કા જય જય સિતારામ



❋❋❋❋❋❋❋❋❋

આરતી

ૐ જય જગદીશ હરે
પ્રભુ જય જગદીશ હરે
ભકતજનો કે સંકટ ક્ષણમેં દુર કરે...... .....ૐ જય

જો ધ્યાવે ફલ પાવે દુઃખ વિનસે મનકા,
સુખ સંપતિ ઘર આવે કષ્ટ મિટે તનકા.. .....ૐ જય

માત–પિતા તુમ મેરે શરણ ગ્રહું મે કિસકી,
તુમ બિન ઔર ન દુજા આશ કરૂં જીસકી... .....ૐ જય


તુમ પુરણ પરમાત્મા તુમ અંતર્યામી,
પાર બ્રહ્મ પરમેશ્વર તુમ સબકે સ્વામી... .....ૐ જય

તુમ કરૂણા કે સાગર તુમ પાલન કર્તા,
મૈ સેવક તુમ સ્વામી કૃપા કરો ભર્તા... .....ૐ જય

તુમ હો એક અગોચર સબ કે પ્રાણ પતિ,
કિસ બિધ મિલું દયામય તુમકો મૈ કુમતિ.... .....ૐ જય

દીનબંધુ દુઃખ હર્તા તુમ ઠાકુર મેરે,
અપને હાથ ઉઠાઓ દ્વાર પડા તેરે.... .....ૐ જય

વિષય વિકાર મિટાવો પાપ હરો દેવા,
શ્રધ્ધા ભકિત બઢાવો સંતન કી સેવા... .....ૐ જય



સંધ્યા પાઠ

ૐ શ્રી સદ્‌ગુરૂ સ્તવન માલા

ચૈતન્યં શાશ્વતં શાંતં, વ્યોમાતિતં નિરંજનં:,
નાદ બિંદુ કલાતીતં, તસ્મૈ શ્રી ગુરવે નમ: —૧

સર્વ શ્રુતિ શિરો રત્ન, વિરાજીત પદાંબુજ,
વેદાંતાંબુજ માર્તંડ, તસ્મૈ શ્રી ગુરવે નમ: —૨

અજ્ઞાન તિમિરાંધસ્ય, જ્ઞાનાંજન શલાકયા,
ચક્ષુરૂન્મિલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમ: —૩

ગુરૂ બ્રહ્મા, ગુરૂર્વિષ્ણુ, ગુરૂર્દેવો મહેશ્વર,
ગુરૂ સાક્ષાત પરં બ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમ: —૪

ધ્યાન મૂલં ગુરોઃ મૂર્તિ, પૂજા મૂલં ગુરોઃ પદં,
મંત્ર મૂલં ગુરો વાંકય, મોક્ષ મૂલં ગુરોઃ કૃપા. —૫

અખંડં મંડલાકારં, વ્યાપ્ત યેન ચરાચરં,
તત્પદં દર્શિતં યેનં,તસ્મૈ શ્રી ગુરવે નમઃ –૬

ન ગુરોરધિકં તત્ત્વ, ન ગુરોરધિકં પરમ્,
ગુરોઃ પરતરં નાસ્તિ તસ્માત્સં પૂજ્ય તે ગુરૂઃ. –૭

અખંડાનંદ બોધાયં શિષ્ય સંતાપ હારિણે,
સચ્ચિદાનંદ રૂપાય, રામાય ગુરવે નમઃ –૮

અજ્ઞાન મૂલ હરણં, જન્મ કર્મ નિવારણમ્,
જ્ઞાન વૈરાગ્ય સિદ્ધયર્થ, ગુરૂ પાદોદકં પિબેત્ –૯

'બ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાન મૂર્તિ,
દ્વંદ્વાતીતં ગગન સદૃશં તત્ત્વ મક્ષ્યાદિ લક્ષ્યમ્
એકં નિત્યં વિમલ મચલં, સર્વધિ સાક્ષી ભૂતં,
ભાવાતિતં ત્રિગુણ રહિતં, સદ્દગુરૂ તં નમામિ.' –૧૦

સોરઠા

વસ્તુ ગતે સો એક, યામે કછુએ ભિન્ન નહિ,
હરિ ગુરૂ સંત વિવેક, નામ મનોહર મુર કહે –૧

છંદ નારાચ

હરિ ગુરૂ જો એક હૈ, વિવેક સોં વિચાર જે,
કરી કૃપા કૃપાલકી, જો આપકો ઉધારજે,
લહે જુ ભેવ જ્ઞાનકો, અજ્ઞાન અંતરા તજે,
અખંડ રૂપ આતમા, ભુલી જુ પ્રીતસોં ભજે. –૨

ન દૂર હૈ નજીકસો, ન નીલ પીત રંગ હૈ,
ન શ્વેત શ્યામ કો કહે, ન બાલ વૃદ્ધ અંગ હૈ,
ન પાર હૈ અપારકો, ન વૈખરી પિછાનહી,
સદા અસંગ આત્મા પરાત પાર માનહી. –૩

કયોં પરાત પાર હૈ, લખે ન કોઈ ભેવકો,
અનામયં અચિંત હૈ, દ્રષ્યો ન જાત દેવકો,

અગાધ સંતકો મતો, કથ્યો ન જાત કર્યો કહે,
યથામતી જુ ભાખહી, લખ્યોં ન જાત કર્યો લહે. –૪

ગુરૂ જબે કૃપા કરે, તબે સો તત્ત્વ કો લહે,
મિટેઅજ્ઞાન આનકો, દુરિતકો દુરી દહે,
લખે જુ સાચ સાર કો, અસાર કો ન ધારહી,
ગ્રહી જુ જ્ઞાન કેવલમ્, અજ્ઞાન કો નિવાર હી. –૫

લખ્યો સ્વરૂપ બ્રહ્મ કો, ચરાચરં જુ દેખ હી,
ભિન્ના ભિન્નં ન ભાવ હૈ, કાહુ કો ઉવેખ હી,
હરિ હરિ જુ દર્શ હી, હરિ વિના ન આન હૈ,
હરિ હરિ જપે સદા, હરિ હરિ સુ ધ્યાન હૈ. –૬

હરિ હરિ જુ બોલ હી, હરિ હરિ સુ ધ્યાવતે,
હરિ હરિ બખાન હી, હરિ હરિ સુ ગાવતે,
હરિ હરિ જુ ચિંતવે, હરિ હરિ સુ માનતે,
હરિ હરિ જુ વંદ હી, હરિ હરિ પિછાન તે. ૭

અચિંત્ય રૂપ આત્મા, સ્વરૂપ સો ધરે સદા,
વૃત્તિ અડોલ વારધી, ન કાહુ પે ચલે કદા,
તપે રવિ નિદાન કો, કછુ ન ઉષ્ણ લાગ હી,
મતો અપાર જ્ઞાનકો, જ્યુ તાહિકો ન ત્યાગ હી. –૮

ન કામ ક્રોધ લો હે, ન સોભ કો અસોભ હૈ,
ન મોહ દ્રોહ કો કરે, ન ભેદ ભાવના ધરે,
સબે જ્યુ દ્વૈત ત્યાગ હી, ન સંગ દોષ લાગ હી,
તજે ન વેદ આમના, કરે ન મન કામના. –૯

દોહા

જ્ઞાની ગુરૂ કો વંદીએ, જૂગલ જોરી કે પાન,
રવિ હરત જ્યોં તિમિર કો, ગુરૂ હરે અજ્ઞાન. –૧૦

પ્રાપતિ જો પરિબ્રહ્મકી, જા કે વચન તેં હોય,
તાકી પદરજ પરસિયે, ગુરૂ સમ આન ન કોઈ. –૧૧

જિનહી કે અજ્ઞાન કરી, ભાસત માયા ભાસ,
સત્ય સ્વરૂપ કે જ્ઞાન તે દિસે બ્રહ્મ વિલાસ. –૧૨

જ્ઞાની કે ઉપદેશ તે, મિલે પરિબ્રહ્મ રાય,
દેવા ગુરૂ ધન્ય ધન્ય હે, વંદન યોગ્ય સદાય. –૧૩

પ્રથમ કરો કર જોરી કે, ચરન કમલ કી સેવ,
વિઘ્ન હરે મંગલ કરે, જય જય જય ગુરૂદેવ. –૧૪

જો પરહીં ગુરૂ ચરનમેં, સો તરહી તતખેવ,
સો ફીર ઉદર ન આવહી,જય જય જય ગુરૂદેવ. –૧૫

ગુરૂ બિન સંશય ના મિટે, ગુરૂ બિન મિલે ન ભેવ,
ગુરૂ બિન જ્ઞાન ન ઉપજે, જય જય જય ગુરૂદેવ. –૧૬

જ્ઞાની ગુરૂ પ્રસાદતે, પરી ભજન કી ટેવ,
લાગી લગન લોચન ખીલે, જય જય જય ગુરૂદેવ. –૧૭

પરાપાર પરિબ્રહ્મ જે અલક અખંડ અભેવ,
તિન વપુ ધરી કરૂણા કરી,જય જય જય ગુરૂદેવ. –૧૮

ધરે ધ્યાન ગુરૂ દેવકો, ધ્યાવે અંગ અવેવ,
સો પાવે મહા મુક્તિ સુખ, જય જય જય ગુરૂદેવ. –૧૯

ભયો પ્રકાશહિ બ્રહ્મ કો, ગયો સકલ અહમેવ,
અંતર ઉદયો આત્મા, જય જય જય ગુરૂદેવ. –૨૦

ગુરૂ સોઈ પરિબ્રહ્મ હૈ, ગુરૂ નિરંજન એવ,
વિહારી પદ વંદન કરે, જય જય જય ગુરૂદેવ. –૨૧

ચોપાઈ

નમો નમો ગુરૂદેવ ગોંસાઈ ,
મૈં આયો તુમરી શરનાઈ,
તાતે કરો વિનય કરજોરી,
નાથ યથામતિ સામરથ મોરી. –૨૨

પશ્ચિમ ખંડ ધરા કચ્છ દેશ,
તહાં સદ્‌ગુરૂ દેહ ધર્યો નરેશ,
હમલા ગામ સુથાનક વાસા,
જહાં સુખ પાવે સંત નિવાસા. —૨૩

તહાં પ્રગટે ગુરૂ સાહેબ દેવા,
પુરણ બ્રહ્મ અખંડ અભેવા,
યાદવ કુલમેં ભયે અવતારા,
જીવ અનેક ઉધ્ધારન હારા. —૨૪

જન્મ ધર્યો જીવન કે કારણ,
તાકો સદ્‌ગુરૂ આયે તારન,
માતપિતા કુલ કુટુંબ પરિવારા,
તાકો સદ્‌ગુરૂ તારનહારા. —૨૫

ધન ધન માત પિતા ધન બંધુ,
જા ઘર પ્રગટે કરૂણા સિંધુ,

ધનસો નગર વસે જા માંહી,
તામે લોક વસે ધન તાહી. —૨૬

ધન ધન શિષ્ય કરે જો સેવા,
તા પર કૃપા કરે ગુરૂ દેવા,
સેવક સંગ રહે સો ધન હે,
જા કો રાત દિવસ દરશજ હે. —૨૭

ધન ધન ભૂમિ જહાં વિચરહી,
તા ભૂમિ કો પાવન કરહી,
જો કોઈ ચંદન પુષ્પ ચઢાવે,
તો પ્રિયતા મનમેં નહિ આવે. —૨૮

જો કોઈ કુટીલ વચન મુખ દાખે,
તાકો દોષ હ્દે નહિ રાખે,
શિતલ શાંત સદા સ્થિર માના,
બ્રહ્મ વિના દેખે નહિ આના. —૨૯

બ્રહ્મભાવ કરી બ્રહ્મ પીછાન્યો,
બ્રહ્મરૂપ આપ એક કરી જાન્યો,
તાતે બ્રહ્મરૂપ ગુરૂ દેવા,
અકલ અખંડ અનંત અભેવા. —૩૦

જો નિર્ગુણ નિર્ભેદ નિંજન,
સો મેરે ગુરૂ ભવ દુઃખભંજન,
એક અજન્મા જો અવિનાશી,
સો મેરે સદ્‌ગુરૂ સુખરાશી. —૩૧

એક અખંડીત અકલ અમાપક,
સો મેરે ગુરૂ ઘટ ઘટ વ્યાપક,
જો ચિદ્રુપ ચલે નહિ ડોલે,
સો મેરે ગુરૂ ઘટ ઘટ બોલે. —૩૨

જો વ્યાપક જલ થલ કે માંહી,
સો સદ્‌ગુરૂ દુજા કો નાહિ,

તાતે એક આદિ મધ્ય અંત,
સદ્‌ગુરૂ આપ સ્વયં ભગવંત. —૩૩

ગુરૂ ગોવિંદ ગુરૂ સોઈ રામા,
એક હી રૂપ ધર્યા દોઈ નામા,
દેવા સદ્‌ગુરૂ સાહેબ મેરા,
ભેટત ચરણ મિટયા ભવ ફેરા. —૩૪

દેખી દીન દયા મન આની,
કરી કૃપા જન અપનો જાની,
જન વિહારી ગુરૂ મહિમા ગાવે,
સકલ સંત કો શિષ નમાવે. —૩૫

દોહા

વ્યાપક સબ ઘટ આતમા,
જા કો આદિ ન અંત,
સો મેરે ઉર નિત વસે,
જય જય ગુરૂ ભગવંત. —૩૬

જા કો ગાવત વેદ નિત,
અકલ અખંડ અનંત,
સો મેરે નિજ આતમા,
જય જય ગુરૂ ભગવંત. —૩૭

જૂઠા કલ્પિત જિન વિષે,
સકલ ચરાચર જંત,
સમરસ ખેલે સબનમેં,
જય જય ગુરૂ ભગવંત. —૩૮

સબ જડ ઈંદ્રિય જિન હિતે,
વ્હૈ ચેતન વરતંત,
સોઈ પ્રગટ પરમાત્મા,
જય જય ગુરૂ ભગવંત. —૩૯

ખોજ્યા જિન ખાંખત કરી,
તિન પાયા નિજ તંત,

પાયા ગુરૂ પ્રસાદ તેં,
જય જય ગુરૂ ભગવંત. -૪૦

ગુન નિર્ગુન નહિ જિન વિષે,
સોઈ સબ ગુનવંત,
તબ સો દુજા કયા કહે,
જય જય ગુરૂ ભગવંત. -૪૧

ઐસે આતમ તત્ત્વ કો,
જો સમજે સો સંત,
સો ઉત્તમ હૈ સબનીતે,
જય જય ગુરૂ ભગવંત. -૪૨

સમજા સમજી ત્યાં સમ્યા,
મહાનુભાવ મહંત,
વિહારી વંદન યોગ્ય હૈ,
જય જય ગુરૂ ભગવંત. -૪૩

ચોપાઈ

ઈનકો પઠન પ્રાતઃ ઉઠ કર હી,
ગુરૂ કે ચરન કમલ ચિત્ત ધરહી,
યહ ગુરૂ મહિમા સુને સુનાવે,
તાકો ફેર જન્મ નહિ આવે. –૪૪

કુંડલીયા

દેવા યહ વર દીજીએ ઉપજે આતમ જ્ઞાન,
ચરન તુમારે ચિત્ત વસે ધરો નિરંતર ધ્યાન,
ધરો નિરંતર ધ્યાન અવર ઈચ્છા નહિ કોઈ,
દુર્લભ યહ વરદાન દયા કરી દીજૈ સોઈ,
કહે વિહારી કર જોડ સદા સંતન કી સેવા,
ઉપજે આતમ જ્ઞાન, દિજીએ યહ વર દેવા. –૪૫

અથ પરંપરા ગુરૂ પદ્ધતિ

દોહા

સત ચિત્ આનંદ રૂપ નિજ, નામ રૂપ જગ દ્વંદ,
પ્રથમ વસ્તુ નિર્દેશ યહ, મ્રગલ નિજ સુખ કંદ.

દ્વિતીય વંદના રૂપ જો, મંગલ શુભ નિહકામ,
મન તન ધન કુરબાન કરી, વંદો સદ્ગુરૂ રામ

તૃતીય મંગલા ચરણ જો, સ્તવન રૂપ પુનિ હોય,
ગુરૂ સબનીતે શ્રેષ્ઠ હૈ, ગુરૂ સમ આન ન કોય.

મંગલ ત્રય યુત નમન કરિ, સંપ્રદાય અનુસાર,
પરંપરા ગુરૂ પદ્ધતિ, તાકો કરો ઉચ્ચાર

ગંભીર ચોપાઈ

ચિદાનંદ સતબ્રહ્મ, પ્રગટ પરમાતમ દેવા,
અકલ અચિંત અનામ અરૂપ અજીત અભેવા,
આપહિ અપની શકિત તાંહિતેં જગ ઉપજાયો,
થિર ચરકો આધાર શ્રુતિ નારાયણ ગાયો.

નારાયણકે નાભિ કમલ પ્રગટે ચતુરાનન,
બ્રહ્મરૂપ પ્રતિપાદક ચારો વેદ પરાયન,
તપો નિધી પ્રગટે તિનંતે મુનિ ગુરૂ વશિષ્ટ,
બ્રહ્મભૂત કરૂણાકે સાગર સકલ વરિષ્ટ.

શકિત મુનિ પ્રગટે તિનતેં પરમદ્‌ભૂત જ્ઞાની,
ચિદાનંદમય સમરસ મહા મંગલ વિજ્ઞાની,
શકિત તનય મહારાજ પરાસર તપકે આગર,
બ્રહ્મલીન મન સદા સદોદિત સુખકે સાગર.

પુત્રરૂપ દેહ પ્રગટ ભયો તિનતેં ગુરૂ વ્યાસ,
વેદ મંથન કરિ બ્રહ્મસૂત્ર જીન કીયો પ્રકાશ,
ભારત ઈતિહાસાદિક અષ્ટાશહિં પુરાના,
ભકિત જ્ઞાન વૈરાગ્ય ધર્મ વરણાશ્રમ નાના.

વ્યાસ પુત્ર યોગીંદ્ર વિરાગી શુક મહારાજા,
સપ્ત અહર્નિમે કીનો મુકત પરિક્ષત રાજા,
શિષ્ય તિનહિંકે ગૌડ પાદ આચાર્ય જાનો,
પ્રગટ કિયો સન્યાસ ધર્મ બહુ દિને અલપાનો.

યોગ ઈંદ્ર ગોવિંદાચાર્ય તિનકે શિષ્ય,
શરણાંગત જન મેટનહારે ભૂત ભવિષ્ય,
તિનકે શંકર આચાર્ય સબ જગ સુખ કંદા,
કરી દીનો પ્રસ્થાન જકતમેં મેટયો દ્વંદા.

કરી દિગનિમેં વિજય બોધ પાખંડ ઉડાયો,
એક બ્રહ્મ અદ્વૈત સબલ મત સબની દ્રઢાયો,

સૂત્ર શ્રુતિ સ્કૃતિ વાકય વ્યવસ્થા કીન યથાર્થ,
ગૌન પદાર્થ તીન મુખ્ય કરી મોક્ષ પદાર્થ.

ચાર શિષ્ય તિનકે પરમદ્દ્ભૂત અકામ,
પરંબ્રહ્મ લયલીન કહું અબ તિનકે નામ,
પ્રથમ પદ્મ પાદાચાર્ય તમ ભ્રાંતિ દિવાકર,
દ્વિતીય સુ હસ્તામલક બ્રહ્મ અનુભવ રત્નાકર.

તૃતિય ત્રોટકાચાર્ય શરણાંગત સુખદાયક,
ચતુર્થ વાર્તીકકાર તજ્ઞ જન ભજવે લાયક,
પ્રગટ ભયે તિનતેં દશનામી શિષ્ય ધુરંધર,
દૂર કરન મારૂત સમ જગતમ મેઘ અડંબર.

તીર્થાશ્રમ પુનિ વનારન્ય ગિરિ પરવત સાગર,
સરસ્વતી ભારતી પુરી મહા બુદ્ધિ કે આગર,
સરસ્વતી કુલ રામ અખંડાનંદ ગુસાઈ,
સકલ ચરન રજ વાર વાર વંદો શિર નાઈ.

સંપ્રદાય અનુસાર પ્રતાપી સંત મહંત,
યથામતી કછુ કહું કહત નહિં આવે અંત,
નાનક દાદૂ દેવ અખાજી સુદંરદાસ,
નરહર મનહર દાસ રજબ નિજ રૂપ પ્રકાશ.

નિરંજની ભગવાનદાસ શુકદેવ પ્રતાપી,
હરસુર પુનિ સહદેવ સ્વામી રણછોડ અધ્યાપી,
હમલા મહું પ્રગટે ગુરૂ દેવા સાહેબ જ્ઞાની,
ભકિત જ્ઞાન વૈરાગ્ય યુકત અનુભવકી ખાની,

તિનકે જેઠીરામ વિહારી સેવારામ,
બુદ્ધિવાન ગુરૂ રામસિંહજી ક્ષેમ અભિરામ,
ગુરૂ ઈશ્વર સુખધામ કામ ક્રોધદિક ટારે,
પ્રબલ બોધ ઉર સોધ શિષ્ય ભવ ફંદ નિવારે.

ગુરૂ મોહન સુખ રૂપ ભૂપ વંદત જેહી ભારી,
સંપૂરણ નિજ જ્ઞાન ધ્યાન પૂરણ સુખકારી,

પ્રગટે પૂરનરામ આન શુકદેવ સમાના,
શ્રી ગુરૂ ગરિબ નિવાજ કહત નહિ બને બખાના.

બોલત વચન રશાલ જીહજિમિ અમૃત ઝરન,
મહિમા અપરંપાર જાસુ જગમંગલ કરની,
ચાર જુગનિકે સંત જકતમહું પર ઉપકારી,
વાર વાર વંદો તીનકી પદરજ શિર ધારી.

નારાયન ગુરૂ સંત ભેદ મતિ યામેં નાહીં,
કથન માત્ર ત્રય નામ વસ્તુતે એકે આંહી,
એસો યહ અદ્વૈત જ્ઞાન સદગુરૂતેં પાયો,
અહં બ્રહ્મ અસ્મી અનુભવ અતિ અડિગ દઢાયો.

અવર યુકિત દષ્ટાંત પ્રક્રિયાકી બહુ રીતી,
કરિ વિચાર બાપૂ જ્યોંકો ત્યોં નિજ પદ પાયો,
નિજાનંદમય વસંવેદ ચિદ્દ્ધન તન છાયો.

કુંડલિયા

નારાયણ ગુરૂ સંત પદ, વંદો વારંવાર,
તારક ભવજલ ઉદધિકે, દાયક શુધ્ધ વિચાર,

દાયક શુધ્ધ વિચાર, સાર પરમાતમ પ્રાપક,
અગમ અગોચર અકહ રહિત જો વ્યાપ્ય રૂ વ્યાપક
જન બાપૂ સદગુરૂતેં પાયો રહિત ત્રિવિધ હદ
વંદો વારંવાર સંત ગુરૂ નારાયણ પદ

રામ ગુરૂ ચિત રાખીયેં, નિત તવ પદકો નેહ
સત પરચા સત સંગતી, જન્મ કર્મ કટ જેહ

જન્મ કર્મ કટ જેહ, એહ નિજ જ્ઞાન અખંડિત
શ્રવન મનન અતિસાર, પાર સબ હો ગયે પંડિત
બાપુકે તુમ બાપ, કૃપા ધન પૂરણ કામ
નિત તવ પદકો નેહ, રાખિયેં સદગુરૂ રામ.

અથ શ્રી કૃષ્ણ છબિ વર્ણન

અદ્ભુત છબિ આનંદમય, મેરે જીવન પ્રાન
જન વિહારિ કર જોરિ જુગ, બહુર્યો કરોં બખાન.

દ્વી અક્ષરી છંદ

બહુરી કરોં પ્રભુકી છબિ બરનન,
ચિત મેરો લાગો જીન ચરનન,
યથા યોગ્ય હૈ યદ છબિ જેસેં
કહી ન જાત કવિ બરતન કેસેં

શ્યામ સ્વરૂપ સુભગ તન સુંદર
વ્રજાધીશ વ્રજ નટ નાગર વર
ચરણન કરત ચારૂ નેપુર ધુન,
હોત અધીર ધીર યહ ધુન સુન

સુંદર જુગલ જાનું જંગા વર,
કટિ તટ કટિ મેખલા મનોહર

અદભુત ઉદર બીચ નાભી અધ,
મનહુન ભમર પરત જલકેમધ

બનિ વિસાલ ઉર માલ મનોહર,
શુભ ગુન સકલ સદન સુંદર વર
અતિ કપોત કર કંઠ વિષે
તા બિચ રૂચિર બની ત્રય રેષા

પુનિ પ્રચંડ ભુજ દંડ બાહુબલ,
ખેદ લહે જિનતે કેવલ ખલ
રત્ન જડીત કર કંકન રાજે,
બાહન બાજુબંધ બિરાજે

અધિક અધિક પલ પલ છબી આનન,
મકરાકૃત કુંડલ છબી કાનન
ચારૂ ચિબુક જુગ દસન પાંતિવર,
નવલ નાસિકા શુભ અતી સુંદર

ગુલિક જુગલ ગંડસ્થળ સોહન,
મુસકન હસન મદન મન મોહન
ચંચલ ચપલ ચારૂ જુગ લોચન,
પર્મ દયાલ દીન દુઃખ મોચન

રૂચિર ભાલ ગોરોચન રેષા,
બની લલાટ બીચ બીંદી વિશેષા
પેચદાર પગરી શીર શોભીત,
જીન અતિ કીન મદન મન ક્ષોભીત

મનિ જડીત શિર મુકુટ મનોહર,
તા બીચ લસત લલિત મુકતાવર
અંગ અંગ અંબર વર ભુષન,
જીનકે દર્શ મિટે સબ દુષન

કોટી કોટી મંગલ મય મૂરત,
સુકૃત કોટી સદન યહ સૂરત

અતિ વિચિત્ર લિલા વિસ્તારન,
યદુ કુલ જન્મ ધર્યો જન કારન

અજર અમર ગુન અગુન ગુસૈયાં,
સો પ્રભુ ચારત બન બન ગૈયાં
શ્રુતિ પુરાન કૌ પાર ન પાવે,
સો પ્રભુ ગ્વાલની ગ્વાલ હંસાવૈ

જીનકો યોગેશ્વર નહીં જાને,
સો લલના રસરૂપ લુભાને
જીનકોં શિવ સનકાદિક ધ્યાવૈ,
સો પ્રભુ ગ્વાલનિ સોં મીલી ગાવૈ

દોહા

સુખદ સિંધુ અવતાર સબ, રત્ન કૃષ્ણ બલરામ,
સોબસહૌ મમ ચિંત સદન ધ્યાન યોગ છબી ધામ.

અથ ચોવીસ ઈશ્વરાવતાર નામ ચૌપાઈ

જય જય આદિ વરાહ, મીન વામન મન્વંતર,
સનકાદિક નરસિંહ, દેન વર ધ્રુવ ધન્વંતર,
કપિલ કમઠ હયગ્રીવ, હંસ હરિ નર નારાયન,
ઋષભ દેવ રઘુવીર, કૃષ્ણ પરિબ્રહ્મ પરાયન.

બુધ નિકલંકી વ્યાસ, પૃથુ પૃથવીકે ઈશ,
પરશુરામ અભિરામ, યજ્ઞદત્ત એ ચોવીશ,
તિનકે પદ અરવિંદ, વંદ પુની વંદન કરહોં,
તિનહિ ચરનકી રેનુ, સદા મેરે શિર ધરહોં.

પાદકિ રેનું પ્રસાદ, બુલૈ અનુભવકે લોચન,
દેખ્યા ચૈતન્ય બ્રહ્મ, ભયા જીનતેં ભવ મોચન,
અબ ન પરોં ભવ કૂપ, રૂપ નિજ અપના પાયા,
દેવા ગુરૂ દયાલ, દયા કરિ મોહિ બતાયા.

અથ ગુરૂ સ્તુતિ

સોરઠા

દેવા ગુરૂ દયાલ, સાહેબ મેરે ઉર સદા,
કર્મ ભર્મ અરૂ કાલ, ઉડ ગએ જીનકે વચનતે.

મહા વાકયકો બોધ, મોહિ દિયો ગુરૂ મહેર કરી,
લિયો સ્વરૂપહિં સોધ, ભાગ ત્યાગ લક્ષણા કરી.

દોહા

પતિત ઉધારન મહાપ્રભુ, દયા સિંધુ ગુરૂ દેવ,
સેવારામ યાચે સદા ચરન કમલ કી સેવ.

ચરન કમલકો ધ્યા પ્રભુ, દિજૈ દ્રઢ ઉર માંહી,
યાચક યાચત શ્રી ગુરૂઃ ભીખ એહિ તુમ પાંહી.

તુમ દાતા ત્રય લોક કે, સદ્‌ગુરૂ સદા કૃપાલ,
ભાવ ભકિત ભીક્ષા ચહોં, દિજે દીન દયાલ.

ભટકી ભટકી દેખે સબે, દેવી દેવ અપાર,
ઉલટે બંધનમેં પરે, કોઈ ન છુડાવન હાર.
ભ્રમત ભ્રમત આઈ પર્યો, સદ્‌ગુરૂ તો દરબાર,
કૃપા દ્રષ્ટિ કિજૈ પ્રભુ, પકડી ઉતારો પાર.

તુમ બિન હમરો કોઈ નહિ, અવર વસીલો કોય,
તાતે સદ્‌ગુરૂ રાખીએ શરણ આપની મોય.

સદા હમારે ચિત્ત બસો, બિસરો ન એક લગાર,
તુમ પે માંગું શ્રી ગુરૂ, તુમરો ધ્યાન ઉચ્ચાર.

તુમરે યશ નિત ગાવહોં, તુમરે ગુન અરૂ ગીત,
સદ્‌ગુરૂ તુમરે પાદસો ઉમંગ નીત નીત પ્રીત.

કુંજી ઈંડા જ્યોં તજે, આપ વસે પરદેશ,
સદ્દગુરૂ ઐસે રાખીઓં સુરતીમાં જ હંમેશ.

સુરતી બિના નિપજે નહિ, શીશુ ઈંડા ગલી જાય,
તા તે તુમ હી દયાલ ગુરૂ, હોજો સદા સહાય.

પ્રાર્થના યહ જો કરી, સદ્દગુરૂ ધરજો કાન,
સેવારામ પ્રણવે સદા, મેરે જીવન પ્રાન.

દેવા દર્શન દિલ હિ મેં, પલ પલ દિજે મોહિ,
એક નિમિષ નહિ ભૂલ હૌં, સ્વામી છબી હી તોહી.

સુરત તુમ્હારી સદ્દગુરૂ, છિન એક બિસરત નાહિ,
મહા લલીત છબી લિખધારી, મન મંદિર કે માંહિ.

દેવા મેરી અરજી એક, સુનિયો દે ધરી કાન,
નેહ નિભેસો કીજીએ, કૃપા સિંધુ ભગવાન.

વાણી વચન વિલાસતે, નહિ પાવે નિજ ભેવ,
વિહારી વસ્તુ તો મિલે, કૃપા કરે ગુરૂદેવ.

સેવારામ સેવા સંતકી, કરે જુ મન ચિત્ત લાઈ,
સો પાવે મહા મુકિત સુખ, યામે સંશય નાહિ.
ગુરૂ કૃપા તેં પાઈયેં, ચરણ કમલ કી સેવ,
સેવારામ મુખ બોલીયેં, જય જય જય ગુરૂદેવ.

ધ્વની

જય ગુરૂ દેવા જેઠીરામ,
રામસિંહ ગુરૂ દેવ નમામ.
હરસુર સ્વામી રણછોડરામ,
પરમાનંદ ગુરૂ એક અનામ.
વિહારી ક્ષેમ ગુરૂ સેવારામ,
ગુરૂ ઈશ્વર સ્વામી પૂંજારામ.

અખંડાનંદ જય જય રામ,
સદ્‌ગુરૂ રામ પુરનકામ.
દત્ત દિગંબર જય રઘુનાથ,
ગુરૂવર સ્વામી શ્રી મુનીનાથ.
હરિ નારાયણ ગુરૂ નારાયણ,
દ્વૈત નિવારણ પરમાનંદ.
સદાશિવ શંકર ભકત જન,
પ્રિય પંકજ લોચન
નારાયણ તવ દાસો હૈં



બોલો શ્રી દ્વારીકાનાથ કી જય
ગુરૂ ગોંસાઈ કી જય
બાવા દેવા સાહેબ કી જય
બાવા વિહારી સાહેબ કી જય
બાવા ક્ષેમસાગર કી જય
મહારાજ શ્રી ઈશ્વરરામજી કી જય
મહારાજ શ્રી લાલરામજી કી જય
મહારાજ શ્રી ઓધવરામજી કી જય
મહારાજ શ્રી દયારામજી કી જય
મહારાજ શ્રી શાંતિરામજી કી જય
સાધ્વી મૈયા કી જય
ચાગબાઈ માતા કી જય
ગંગામૈયા કી જય
જમુના મૈયા કી જય
કેદારનાથ કી જય
બદ્રી વિશાલ કી જય
અપને અપને ગુરૂ મહારાજ કી જય
સંધ્યા આરતી જય જય સિતારામ

શ્રી ઈશ્વરરામજી મહારાજની સ્તુતિ

એક એવ અદ્વૈત જો, પરમાત્મા જગદીશ,
જન કારણ તનુ ધારિવર, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૧

મનહુ અપર બિરાજહીં, રઘુપતિ ગુરૂ મુનીશ,
જ્ઞાન દાન નિત દેતવર, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૨

પૂરણ કામ નિષ્કામ મતિ, સમજહીં રંક મહીશ,
જ્ઞાન ભાન મતિમાન અતિ, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૩

સદા વિચારત લક્ષ જો, તજી ભ્રમ ઈશ અનીશ,
પુનિ પુનિ ભાષત શિષ્ય પ્રતિ, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૪

દાતા જ્યોં નિજ મુકિત કે, કરૂણા કરકા રિષ,
શરન હરન ભવ ભીતી ભલ, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૫

મોક્ષ કીયો જ્યોં ગ્રાહતે, હરિ તત્ કાલ કરીશ,
કીનો બંધ વિચ્છેદ મમ, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૬

નિગમા ગમ જેહી ગાવહી, મન પર કહત મુનીશ,
સોઈ લખાવત લક્ષ જો, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૭

નિજાનંદ નિમગ્ન જો, વર વરિયાન વરીશ,
જગમંગલ કર જાસુ દ્રગ, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૮

નિગમાગમ સબ જાસુ ઉર, વસત વદન વાગીસ,
રિદ્ધિસિદ્ધિ રહત સો પાદતલ, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૯

સોહત સુઠીવર સુભગ પટ, મનહુ માયાધીસ,
રમત રમાવત આપ સબ, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૧૦

શરણ સુખદ ભય હરન ભવ, અઘરન ધરન ગિરિશ,
અશરન શરન ન અપર જન, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૧૧

મહિમા અગમ અગાધ અતિ બરણી ન શકત ફનીશ,
સામ કહા એક મુખ ભને, જય જય સદ્‌ગુરૂ ઈશ. ..૧૨

ઈશ્વર ઈશ્વર રૂપ હોઈ લીન મનુજ અવતાર,
આરયવરતર પૂજ્ય મમ, નિજ જન કીન ઉદ્ધાર. ..૧૩

સિયાવર રામચંદ્ર કી જય
રાધેશ્યામ કૃષ્ણ દેવ કી જય
ઉમાપતી મહાદેવ કી જય
પવનસુત હનુમાન કી જય
બોલો ભાઈ સબ સંતન કી જય



ભજન

જ્ઞાન ગંગામાં ન્હાને પ્રાણી થઈને જાકમજોળ,
વિવેકરૂપી વારિમાં તું ન્હાને માથા બોળ...જ્ઞાન ગંગા....ટેક

સમજસુ નીર લઈને કલશ ભરી ઢોળ,
આનંદના તો ઓઘ વર્યા તેની ઉડે છોળ. ..૧

વૈરાગ્ય માટી લઈને મનને રગદોળ,
ધોતાં ધોતાં ઉતરી જાસે મેલડાની ખોળ. ..૨

વિશ્વ બધું ચાલી રહ્યું મોહને ચકડોળ,
બ્રહ્મ રસ પીધા વિના ઉતરે નહિ મોહ. ..૩

ચિત્ત ચિદ્રૂપ થયું, જાણે રંગ ચોળ,
શોભે છે 'ભવાનીદાસ' શશી કળો સોળ. ..૪

આરતી

આનંદ મંગલ કરૂં આરતી, હરિ ગુરૂ સંતની સેવા...ટેક

પ્રેમ ધરી મંદિરે પધરાવું, સુંદીર સુખડાં લેવા...૧

અડસઠ તીરથ સંતોને ચરણે, ગંગા જમુના રેવા...૨

જેને આંગણે તુલસીનો કયારો, શાલીગ્રામની સેવા. ..૩

કહે 'પ્રિતમ' જેને હરિ છે વ્હાલા,

હરિના જન હરિ જેવા ...૪

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,

ચરણ કમલ ચિત્ત લેવા. ...૫

આરતી

પહેલી રે આરતી શ્રી ગણપતિ દેવ તમારી,
રિદ્ધિ સિદ્ધિ નારી આરતી ઉતારે તમારી,
ભવોભવ ભકિત દેજો દેવ મુરારી,
(જન્મોજન્મ ભકિત દેજો કૃષ્ણ મુરારી)....ભવોભવ....૧

બીજી રે આરતી શ્રી શંકરદેવ તમારી,
ગંગા ને પાર્વતી આરતી ઉતારે તમારી ...ભવોભવ....૨

ત્રીજી રે આરતી શ્રી રામચંદ્ર દેવ તમારી,
સતી રે સીતાજી આરતી ઉતારે તમારી...ભવોભવ....૩

ચોથી રે આરતી શ્રી હનુમંત દેવ તમારી,
સર્વે રે જગતમાં રહ્યા બાલ બ્રહ્મચારી...ભવોભવ....૪

પાંચમી રે આરતી શ્રી કૃષ્ણ દેવ તમારી,
રાધા ને રૂક્ષ્મણી આરતી ઉતારે તમારી...ભવોભવ....૫

શ્રી ઓધવરામ સ્તુતિ

શ્રી ગુરૂદેવ ઓધવરામ તમને વારંવાર પ્રણામ,
તમને વારંવાર પ્રણામ, પ્રભુ છો અંતરના આરામ..શ્રી ગુરૂદેવ–ટેક

પાવન નામ પવિત્ર તમારૂં, ઉર અજ્ઞાન તિમિર હરનારૂં,
એક જ ઠરવાનું છે ઠામ, તમને વારંવાર પ્રણામ ...૧

સદ્‌ગુરૂ અદ્‌ભૂત શકિત તમારી, નિજ મહિમા કેરી બલીહારી,
કીધાં પરોપકારી કામ, તમને વારંવાર પ્રણામ ...૨

ઘટ ઘટ જ્યોત તમારી ઝલકે, તેજ તમારૂં સઘળે છલકે,
ગુરૂ છો સ્વયં જ્યોતિ સુખધામ, તમને વારંવાર પ્રણામ...૩

અનીતિ અધર્મની જડ શુદ્ધ સ્વધર્મ સનાતન સ્થાપી
કર્યું જીવોનું કલ્યાણ, તમને વારંવાર પ્રણામ ૪

દાસ દયાળ કહે કર જોડી ભવ ભય બંધન નાખો તોડી,
હૃદયમાં વસજો આઠો જામ, તમને વારંવાર પ્રણામ ૫

ॐ

છે એક 'અચલ' ની અરજી, શ્રી ગુરૂ પછી તમારી મરજી,
આપો દર્શન પૂરન કામ, તમને વારંવાર પ્રણામ ...૬

શ્રી ગંગાજીની આરતી

ૐ જય ગંગે માતા, દેવી જય ગંગે માતા,
જો નર તુમકો ધ્યાતા, મનવાંછિત ફલ પાતા....ૐ જય..ટેક

ચંદ્રસિ જ્યોત તુમ્હારી, જલ નિર્મલ આતા,(૨)
શરણ પડે જો તેરી, સો નર તર જાતા. ...ૐ જય..૧

પુત્ર સગર કે તારે, સબ જગકો જ્ઞાતા (૨)
કૃપા દ્રષ્ટિ તુમ્હારી, ત્રિભુવન સુખ દાતા....ૐ જય..૨

એક હી બાર જો તેરી શરણાગતી આતા (૨)
યમકી ત્રાસ મિટાકર, પરમ ગતિ પાતા. ...ૐ જય..૩

આરતી માત તુમ્હારી જો જન નિત ગાતા(૨)
'અર્જુન' વહી સહજમેં, મુકિતકો પાતા. ...ૐ જય..૪

ગૌ માતા કી જય

ઉમિયા માત કી જય

હિંગલાજ માત કી જય

લક્ષ્મીનારાયણ ભગવાન કી જય

સનાતન ધર્મ કી જય

સીતારામચંદ્ર ભગવાનકી કી જય

બાલકૃષ્ણ લાલ કી જય

યોગેશ્વર ભગવાન કી જય

દરિયાલાલ દેવ કી જય

સદ્‌ગુરૂ દેવ કી જય

ૐ ગૌ માતા કી જય

ૐ ગૌ માતા કી જય

ૐ ગૌ માતા કી જય

ૐ નમો પાર્વતિ પતિ હર હર મહાદેવ

શ્રી ગુરૂ દેવા સાહેબ શ્રી ગુરૂ હરસુખ સ્વામી

હમલા - કચ્છના સંત -મહંતો

હમલા આશ્રમ

સંતશ્રી દેવા સાહેબ શ્રી ગુરૂ હરસુખ સ્વામીના શિષ્યરત્નો ચાર

(૧) શ્રી જેઠીરામ મહારાજ વમોટી – કચ્છ આશ્રમ

(૨) શ્રી વિહારી સાહેબ મહારાજ વાંઢાય–કચ્છ ઈશ્વર આશ્રમ

(૩) શ્રી સેવાદાસજી મહારાજ સિંધ(પાકિસ્તાન) આશ્રમ

(૪) શ્રી કરસનદાસજી મહારાજ મહારાજ નાગ્રેચા(કોટડા)

શ્રી વિહારી સાહેબ મહારાજશ્રી વાંઢાયમાં આશ્રમ સ્થાપી ભજન કર્યું. તેમના શિષ્યરત્ન ક્ષેમસાગર સાહેબ.

શ્રી ક્ષેમસાગર સાહેબે ભીમપર, તા. અબડાસા–કચ્છમાં આશ્રમ સ્થાપી ભજન કર્યું. વર્તમાન ગાદીપતિ મહંતશ્રી શંભુદાસજી બિરાજમાન છે.

શ્રી ક્ષેમસાગર સાહેબના રિષ્યરત્નશ્રી ઈશ્વરરામજી મહારાજ જેમણે વાંઢાયમાં જ રહીને ભજન કર્યું.

શ્રી ઈશ્વરરામજી મહારાજશ્રીના શિષ્યરત્નો – બે

(૧) સંતશ્રી ગરીબદાસજી મહારાજ – કુકમા નિવૃતિ આશ્રમ

(૨) સંતશ્રી લાલરામજી મહારાજ – વાંઢાય – ઈશ્વર આશ્રમ

નિવૃત્તિ આશ્રમ

સંત શ્રી ગરીબદાસજી શ્રી ગુરૂ ઈશ્વરરામજી મહારાજના શિષ્યરત્ન શ્રી સાધુ ભાણદાસજી – નિવૃત્તિ આશ્રમ. (વર્તમાન ગાદીપતિ)

સાધુ શ્રી ભાણદાસજી મહારાજના શિષ્યરત્ન સાધુ શ્રી વાસુદેવદાસજી મહારાજ (વર્તમાન) નિવૃત્તિ – આશ્રમ કુકમામાં રહી ભજન કરે છે.

ઈશ્વર આશ્રમ વાંઢાય

સંત શ્રી લાલરામજી મહારાજશ્રી શિષ્યરત્ન – એક

સંત શ્રી ઓધવરામજી મહારાજ

સંતશ્રી ઓધવરામજી મહારાજશ્રીના શિષ્યરત્ન

સંત શ્રી દયાળદાસજી મહારાજ

સંતશ્રી દયાળદાસજી મહારાજના શિષ્યરત્નો – બે

(૧) શ્રી શાંતીદાસજી મહારાજ

(૨) શ્રી સેવાદાસજી મહારાજ (વર્તમાન)

સંતશ્રી શાંતીદાસજી મહારાજના શિષ્યરત્ન

શ્રી કરસનદાસજી મહારાજ (વર્તમાન ગાદીપતિ)

શ્રી કરસનદાસજી મહારાજના શિષ્યરત્ન

સંતશ્રી મોહનદાસજી મહારાજ

ઈશ્વર આશ્રમ - વાંઢાયની સંત પરંપરા

પ. પૂ. શ્રી વિહારી સાહે ગુરૂ શ્રી દેવા સાહેબ – વાંઢાય

જન્મ : વિ. સંવત ૧૮૦૪

પ. પૂ. શ્રી ક્ષેમસાગરજી મહારાજ

જન્મ : શ્રાવણ સુદ ૧૪, સંવત ૧૮૪૦ મંજલ(નખત્રાણા)

નિર્વાણ : મહા સુદ ૧૩, સંવત ૧૯૨૮

પ. પૂ. શ્રી ઈશ્વરરામજી ગુરૂ શ્રી ક્ષેમસાગરજી

જન્મ : ચૈત્ર સુદ ૯

નિર્વાણ : અષાઢ વદ ૨, સંવત ૧૯૫૩

પ. પૂ. શ્રી લાલરામજી ગુરૂ શ્રી ઈશ્વરરામજી

જન્મ : વૈશાખ સુદ ૨, સંવત ૧૯૧૩

નિર્વાણ : મહા વદ ૨, સંવત ૧૯૭૧

પ. પૂ. શ્રી ઓધવરામજી ગુરૂ શ્રી લાલરામજી

જન્મ : ચૈત્ર સુદ ૯, સંવત ૧૯૪૫

નિર્વાણ : પોષ સુદ ૧૩, સંવત ૨૦૧૩

પ. પૂ. શ્રી દયારામજી ગુરૂ શ્રી ઓધવરામજી

જન્મ : આસો સુદ ૧૫, સંવત ૧૯૫૧

નિર્વાણ : આસો સુદ ૩, સંવત ૨૦૧૯

પ. પૂ. શ્રી શાંતીરામજી ગુરૂ શ્રી દયારામજી

જન્મ : સંવત ૧૯૮૩

નિર્વાણ : કારતક વદ ૧, સંવત ૨૦૩૬

આઠમી ગાદી

ઈશ્વર આશ્રમના વિદ્યમાન મહંત

પ. પૂ. શ્રી કરસનદાસજી ગુરૂ શ્રી શાંતીરામજી

જન્મ : વૈશાખ સુદ ૩, ગુરૂવાર, સંવત ૧૯૯૭

પ. પૂ. શ્રી મોહનદાસજી ગુરૂ શ્રી કરસનદાસજી

જન્મ : પોષ સુદ ૨, ગુરૂવાર, ઈ. સન ૧૯૭૮

શ્રી ઉમિયાજીની આરતી

જય ઉમિયા માતા ૐ જય ઉમિયા માતા,
જય ગિરીરાજ કિશોરી (૨) સર્વે સુખદાતા ॥ ઓમ

જગદમ્બા જગજનની આદીશકિત માતા મા,
સકલ શાસ્ત્ર ઉમિયા મા (૨) ગુણ તારા ગાતા ॥ ઓમ

પરમ ઉદાર દયાળુ, સુંદર છબી તારી મા,
ઉંઝાની મહારાણી (૨) શીવજીને પ્યારી ॥ ઓમ

શ્રી ગણેશને કાર્તિક તમ સાથે શોભે મા,
દર્શન કરતાં માના (૨) જનજન મન મોહે ॥ ઓમ

વાંઢાય ગામ પધારી દર્શન બહુ દીધાં મા,
રામકુમાર વખાણે (૨) સંકટ હરી લીધાં
મા મન વિરકત કીધાં ॥ ઓમ

(રચયિતા : શ્રી રામકુમારદાસજી ખાખી બાપુ)

ગુરૂજીના નામની માળા

ગુરૂજીના નામની હો માળા છે ડોકમાં
નારાયણ નામની હો માળા છે ડોકમાં ....ટેક

(૧) જૂઠું બોલાય નહીં, ખોટું લેવાય નહીં,
અવળું ચલાય નહીં, હો માળા છે ડોકમાં. ..ગુરૂજી

(૨) ક્રોધ કદી થાય નહીં, પરને નિંદાય નહીં,
કોઈને દુભવાય નહીં, હો માળા છે ડોકમાં. ..ગુરૂજી

(૩) પરને પીડાય નહીં, હું પદ ધરાય નહીં,
પાપને પોષાય નહીં, હો માળા છે ડોકમાં. ..ગુરૂજી

(૪) સુખમાં છકાય નહીં, દુઃખમાં રડાય નહીં,
ભક્તિ ભૂલાય નહીં, હો માળા છે ડોકમાં. ..ગુરૂજી

(૫) ધન સંઘરાય નહીં, એકલા ખવાય નહીં,
ભેદ રખાય નહીં, હો માળા છે ડોકમાં. ..ગુરૂજી

(૬) બોલ્યું બદલાય નહીં, ટેકને તજાય નહીં,
બહાનું લજવાય નહીં, હો માળા છે ડોકમાં. ..ગુરૂજી

(૭) હરીહરાનંદજી કહે, સત્ય મુકાય નહીં,
ગુરૂજી વિસરાય નહીં, હો માળા છે ડોકમાં. ..ગુરૂજી

■ કુમકુમ / ઉમિષા પ્રિન્ટર્સ, ભુજ ફોન : ૫૫૮૮૯ ■